## દોઢ દાયકામાં ગાંધીનગરમાં વાહનોની સંખ્યા એક હજાર ગણી વધી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરનો વિકાસ જેમ જેમ થયો છે તેમ તેમ અહીં દ્વિચક્રી અને ચાર ચક્રી વાહનોની સંખ્યા વધી છે. સ્ટેટસ સિમ્બોલમાંથી હવે જરૂરીયાતનું એક સાધન બની ચુકેલા વાહનોની સંખ્યા પણ છેલ્લા કેટલાક સમયથી વધી છે. છેલ્લા દોઢ દાયકામાં વાહનોની સંખ્યામાં એક હજાર ગણો વધારો થયો છે.

દેશ આખામાં જાન્યુઆરી માસનું પ્રથમ અઠવાડિયામાં માર્ગ સલામતિ માટે સાવચેત રહેવા અને વર્ષ દરમ્યાન નવો સંદેશો જીલી વાહન સલામત રીતે હંકારવા માર્ગ સલામતિ સપ્તાહ ઉજવાય છે. આ વર્ષે પણ તેની કાળજીપૂર્વક લોકો સુધી સંદેશો પહોંચાડવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જિલ્લા ટ્રાફીક પોલીસ, આરટીઓ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અનેક વિધ સેવાકીય કાર્યો હાથ ધરાવામાં આવેલ અને વાહનવ્યવહાર કમિશનરશ્રી જે.પી. ગુપ્તા દ્વારા સાહિત્યનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું છે.

૨૦૧૨ના સમગ્ર વર્ષ દરમ્યાન ગાંધીનગર શહેરમાં ૨૬૩ અકસ્માતો તેમાં ૫૦ જીવલેણ અકસ્માતો સાથે ૨૫ મૃત્યુ નોંધાયા હતા. જેમાં સેક્ટર-૭ પોલીસમથક હેઠળના વિસ્તારમાં ૧૮ નાગરીકોએ માર્ગ અકસ્માતમાં જાન ગુમાવ્યા જ્યારે સેક્ટર-૨૧ માના વિસ્તારમાં ૭ લોકોએ જાન ગુમાવ્યા હતા. આમ ઈજાવાળા તથા ઈજા વગરના અકસ્માતો મળી ૬૩૯ અકસ્માતો ૨૦૧૨ના સમગ્ર વર્ષ દરમ્યાન નોંધાયા. ગાંધીનગરમાં આરટીઓ કચેરી શરૂ કરવામાં આવી અને નોંધણી પણ શરૂ થઈ ત્યારથી ૧૯૯૬-૯૭મા ચારપૈડાના ૬૬૨૧, ત્રણ પૈડાના ૨૬૭૩૧ મળી કુલ ૩૩૩૫૨ વાહનો હતા.જેમાં અનેક ગણો વધારો તબક્કાવાર થતા ૨૦૧૧-૧૨મા ચાર પૈડાના ૧૦૬૪૨૦ થ્રી-ટુ વ્હીલર-૨૭૨૭૧૦ મળી ૩૭૯૧૩૦ કુલ વાહનો નોંધાયા છે.

આ તમામને વ્યવસ્થિત માર્ગદર્શન આપવા શહેર વસાહત મહામંડળના શ્રી અરૂણ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, બી.એ. શુકલ, ચંદ્રકાન્ત જોષી, નિલેન્દુ વોરા, કશ્યપ મહેતા, ચંદુજી ઠાકોર તથા જિલ્લા ટ્રાફીક પી.આઈ. ગામીત, આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શુરૂ તથા એઆરટીઓ આચાર્ય સહીત બ્રહ્માકુમારી કેન્દ્ર તથા નાગરિકોએ સહકાર આપ્યો હતો. તમામ રીક્ષાચાલકોની દ્દષ્ટી ચકાસણી અને તબીબી તપાસ, ભારે વાહનચાલકોની દ્દષ્ટી ચકાસણી કરી માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં અનેક નાગરીકો, પોલીસ, આરટીઓ તથા બ્રહ્માકુમારી કૈલાસદીદી તથા તારાદીદીએ ઉપયોગી સહયોગ આપ્યો હતો.

# જમીન ગુમાવનાર ગ્રામજનોને ટ્રેન સુવિધા નસીબ થતી નથી

### મહેસાણા, પાટણ આબુ ટ્રેન વાયા ગાંધીનગર દોડાવવા માંગ : રેલવે મંત્રીને રજૂઆત કરાશે

ગાંધીનગર, તા. ૧૯

કેપીટલ સ્ટેશનને સ્પર્શતા પ્રશ્નો તેમજ મહેસાણા, પાટણ, આબુ ટ્રેઈનને વાયા ગાંધીનગર થઈને દોડાવવા રેલવે મંત્રીને રજૂઆત કરવામાં આવશે. સ્ટેશન વિકાસ માટે જે ગામના ખેડૂતોની જમીન ગઈ છે તેવા ગ્રામજનોને જ ટ્રેન સુવિધાનો લાભ ન મળતો હોવાનો આક્રોશ પણ મહામંડળે વ્યક્ત કર્યો છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થયા બાદ પણ લાંબા સમયના અંતે સ્ટેશન પર પાયાની સુવિધાઓ ઉભી કરવામાં આવી નથી. જેના પરિણામે રોજબરોજ મુસાફરોએ પારાવાર હાલાકી ભોગવવી પડતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. બીજી તરફ મહેસાણા, પાટણ અને આબુ સહિતની ટ્રેઈનો ગાંધીનગર સ્ટેશન સુધી લંબાવવામાં પણ વિલંબ કરવામાં આવી રહ્યો છે. થોડા સમય અગાઉ આ મામલે બ્રહ્માકુમારીઝની બહેનો દ્વારા રેલવે મેનેજરને ૧ હજાર જેટલા પત્રો લખી રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે વાયા ખોડીયાર-કલોલ થઈને જતી ૨૮ જેટલી ટ્રેઈનો પણ કેપીટલ સ્ટેશનના રૂટ પર લઈ જવાની માંગણી સંદર્ભે કોઈ પગલા લેવાતા નથી. આવા સંજોગોમાં રેલવેના ટ્રેક જેમની જમીન પર નંખાયા છે તેવા કોલવડા મોટીઆદરજના ગ્રામજનોને પણ રેલવે સુવિધા ઉપલબ્ધ થતી નથી. ગત વર્ષના રેલવે બજેટમાં પણ એકમાત્ર આણંદ મેમુ ટ્રેન ફાળવી કેપીટલ સ્ટેશનને ઠીંગો દેખાડી દેવાયો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રેલવે મંત્રીને રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

### ફીક્સ પગારવાળા કર્મચારીઓ માનવતાપૂર્ણ નિર્ણય લેવા માંગણી

ફીક્સ પગાર ધરાવતાં કર્મચારીઓ માટે ૩૨ શરતો નક્કી કરેલ છે. પરંતુ મહત્ત્વની શરતો રહી જવા પામી છે. મોંઘવારીમાં તેમનાં પગારનું સમયાંતરે મૂલ્યાંકન થાય તેમજ મૂળ પગાર વત્તા ગ્રેડ પે જેટલું મળે - તો પ્રોત્સાહન રહે. અગાઉ બજાવેલ ફીક્સ પગારની સેવા બીજી વખતની નિમણૂંક વખતે મજરે મળે તો સારૂં તો ફીક્સ પગારવાળાને નોકરીનો સંતોષ થાય. માનવતાપૂર્ણ વ્યવહાર-કુદરતી ન્યાયના સિધ્ધાંતનો લાભ મળે તેવી માગણી છે.

### સરસ્વતી શિશુ મંદિરમાં આનંદ મેળો યોજાશે

બાળકોમાં રહેલી એક આગવી સુષુપ્ત શક્તિને ઉજાગર કરવાની સાથે-સાથે બાળકોમાં શરૂઆતથી જ એક પ્રકારના વ્યાવસાયિક જ્ઞાનનું નિર્માણ થાય તે માટે સરસ્વતી શિશુ મંદિર, સે-૧૭ ખાતે ૨૩મી જાન્યુઆરી-૧૩ને બુધવારે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન આનંદ મેળો યોજાશે. બાળકો પોતાના વર્ગ શિક્ષક સાથે રહી વિવિધ પ્રકારના સ્ટોલ-ગેમ્સ રજુ કરશે.

## સે-૨૦માં ‘જ’ ટાઈપ વિસ્તારમાં પાણીની પોકાર : રહીશો ત્રસ્ત

### સે-૨૦ની ઈન્કવાયરી કચેરીમાં મહિલાઓએ ઉગ્ર રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૦ ‘જ’ ટાઈપ વિસ્તારમાં તેમજ ખાનગી રહેણાંકમાં છેલ્લા પંદર દિવસથી પાણીની સમસ્યા ઉભી થતાં સ્થાનિક મહિલાઓએ આજે સેકટર-૨૦ની ઈન્કવાયરીમાં હલ્લાબોલ કરી હતી. સેકટરમાં છેલ્લા ત્રણ, ચાર દિવસથી સદંતર પાણી નહીં આવતું હોવાથી સ્થાનિક રહીશોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે.

સેકટર-૨૦ ‘જ’ ટાઈપ વિસ્તારના આવાસમાં છેલ્લા પંદર દિવસથી પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ અગાઉ સેકટરના બોરમાં ખામી સર્જાતા તંત્ર કક્ષાએથી સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ બોર મરામતની આ કામગીરીના અંતે ટેકનીકલ ફોલ્ટ રહી જતાં પાણીનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી સેકટરવાસીઓને પુરતા ફોર્સથી પાણી મળતું નથી જયારે પાણી ડહોળું આવતું હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉદભવી છે.

સેકટરની સ્થાનિક મહિલાઓના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણી સદંતર બંધ થઈ જતાં પારાવાર હાલાકી વેઠવી પડે છે. પાણીના પ્રશ્નથી ત્રસ્ત મહિલાઓએ આજે સવારે સેકટર-૨૦ની સ્થાનિક ઈન્કવાયરીમાં ઉગ્ર રજુઆત કરી હતી. સેકટરમાં છેલ્લા પંદર દિવસથી ઉદભવેલી પાણીની પોકાર ડામવા રજુઆત કરવામાં આવી હતી.

આ અંગે પાટનગર યોજના ભવનમાં જવાબદાર અધિકારીઓને પણ રહીશોએ જાણ કરી હતી. ટેકનીકલ ફોલ્ટના કારણે પાણીની તંગી સર્જાઈ હોવાનું જણાવ્યું છે. સેકટરના સરકારી આવાસ ઉપરાંત કેટલાક ખાનગી મકાનોમાં પણ પાણી ફોર્સથી આવતું ન હોવાની બુમરાણ મચી છે. સ્થાનિક રહીશોની રજુઆતના અંતે પ્રશ્નોનું નિરાકરણ લાવવા તંત્ર એ ખાતરી આપી છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ અમૃત મહોત્સવ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર પેન્શનર્સસમાજ દ્વારા ભારતીય સ્ટેટ બેંક ગાંધીનગરના સહયોગથી તા. ૨૬મી જાન્યુઆરીના રોજ પેન્શનર્સ ડે ની ઉજવણી અંતર્ગત અમૃત મહોત્સવ સન્માન સમારંભ ગોઠવવામાં આવ્યો છે. જેમાં ૭૫ વર્ષ પૂર્ણ કરતાં વડીલોનું સન્માન કરાશે.

અશોકભાઈ આર.પટેલ, ધારાસભ્યશ્રી ગાંધીનગર, પી.સી.જે.ના જનરલ મેનેજર ઝોનલ કચેરી, ભારતીય સ્ટેટ બેંક, ગાંધીનગર. કૃષ્ણકાંત જહા, મેનેજિંગ તંત્રી ગાંધીનગર સમાચાર, એસ.કે. ગુપ્તા, આસી. મેનેજર ભારતીય સ્ટેટ બેંક અમદાવાદ, વિશિષ્ટ આમંત્રિત મહેમાનો હાજર રહેશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી શિક્ષણ સંકુલમાં ખીમજી વિસરામ એન્ડ સન્સ હૉલ ગાંધીનગરમાં યોજાશે. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી. આર. મલિકે જણાવેલ છે.

## બેરહેમીપૂર્વક વાછરડા ભરીને લઈ જવાતુ પીકઅપ ડાલુ પકડાયું

### ક-૫ થી ખ-૫ વચ્ચેથી વાછરડાની ગેરકાયદે હેરાફેરી કરતા બે સખ્સોને ઝડપી પાડી પોલીસ હવાલે કર્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના ક-૫ સર્કલથી ખ-૫ તરફ જવાના માર્ગ પર ક્રૂરતાપૂર્વક ખીચોખીચ વાછરડા પીકઅપ ડાલામાં ભરીને ગેરકાયદે હેરાફેરી થઈ રહી હોવાની બાતમીને આધારે ગૌરક્ષકોએ વૉચ ગોઠવીને પીકઅપ ડાલા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. ડાલામાંથી ૭ વાંછરડા બેરહેમીપૂર્વક ભરેલા મળી આવ્યા હતા. આ અંગે સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરીને પીકઅપ ડાલાને જપ્ત કરી કપડવંજ વિસ્તારના બન્ને શખ્સોની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે.

શહેરના ક-૫ થી ખ-૫ સર્કલ તરફ વાછરડા ભરીને બે શખ્સો પીકઅપ ડાલામાં કતલખાને લઈ જતા હોવાની બાતમી મળતાં ગૌરક્ષકો ક-૫ નજીક ગઈકાલે રાત્રે વોચ પર ગોઠવાઈ ગયા હતા. તે દરમ્યાન બાતમીવાળી પીકઅપ ડાલુ નં. જીજે-૭-યુ.ક્યુ.૨૬૯૮ ક-૫ થી ખ-૫ તરફ પસાર થતા ગૌરક્ષકોએ ઉભી રખાવીને ચેક કરતાં તેમાંથી ૭ વાછરડા ખીચોખીચ દયનીય હાલતમાં ભરેલા મળી આવ્યા હતા. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકા વિસ્તારના બે શખ્સો આકાશ કનુ પંડ્યા અને કનુ દેવીપૂજક વાછરડા ભરીને ગેરકાયદે લઈ જઈ રહ્યા હતા તેઓને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યા હતા. સે. ૨૧ પોલીસે સે. ૨૫માં રહેતા ગણેશભાઈ લલ્લુભાઈ દેસાઈની ફરીયાદને આધારે બન્ને શખ્સોની વાછરડાને ક્રૂરતાપૂર્વક ખીચોખીચ ગેરકાયદેસર હેરાફેરી તથા ધાર્મિક લાગણી દુભાવવા બદલ ગુના દાખલ કરીને બન્ને શખ્સોની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

## ગાંધીનગરમાં ૧૦૦ થી વધુ કેન્દ્રો પરથી પોલિયોની રસી પીવડાવાશે

ગાંધીનગર, તા. ૧૯

દર વર્ષની જેમ રાષ્ટ્રીય પલ્સ પોલિયો કાર્યક્રમ અંતર્ગત તા. ૨૦મી જાન્યુઆરીના રોજ પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયો રસી પીવડાવવનું રાષ્ટ્રીય કક્ષાએ નક્કી કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં ઘનિષ્ઠ આયોજન પી.પી. યુનિટ જનરલ હૉસ્પિટલ, તથા મહાનગરપાલિકા ગાંધીનગર મારફતે કરવામાં આવેલ છે. દરેક બુધમાં સવારે ૮ થી સાંજનાં ૫ વાગ્યા સુધી પોલિયોના ટીપાં પીવડાવવામાં આવશે. ઝૂંપડપટ્ટીમાં પાંચ મોબાઈલ ટીમોનું આયોજન કરેલ છે.

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયોના કેન્દ્ર સ્થળો આ પ્રમાણે છે

| બુથનું સ્થળ | બુથનું સ્થળ | બુથનું સ્થળ |
|---|---|---|
| સે-૧ ગાયત્રી મંદિર | સે-૧૩/બી શોપીંગ સેન્ટર | સે-૨૭ શિવશક્તિ મંદિર |
| સે-૧ સમદર્શન આશ્રમ | સે-૧૩ છાપરા વિસ્થાપિત | સે-૨૮ સરકારી દવાખાનું |
| સે-૨ સરકારી દવાખાનું | ગોકુળપુરા | સે-૨૮ પ્રા.શાળા |
| ઘ/૨ કોર્નર, ડૉ.રાજેશ પટેલ દવાખાનું | સે-૧૪ બ્લોક નં.૫૮/૨ | સે-૨૯ સરકારી દવાખાનું |
| સે-૨/બી શિવમંદિર | સે-૧૪ ગુ.હા.બોર્ડ, દિવ્યા બ્યુટી પાર્લર | સે-૨૯ પ્રા.શાળા |
| સે-૨/ડી શિવમ વિદ્યાલય | સે-૧૫ ફતેપુરા | સે-૨૯, ઘ-૭ કોર્નર |
| સે-૩ સુવિધા કચેરી | સે-૧૬ સરકારી દવાખાનું | સે-૩૦ સરકારી દવાખાનું |
| સે-૩/સી સપ્તપદી મંદિર | સે-૧૬ સોમનાથ મહાદેવ | સે-૩૦ પ્રા. શાળા |
| સે-૩/બી અંબાજી મંદિર (નવરાત્રી ચોક) | સે-૧૭ સરકારી દવાખાનું | સે-૩૦ સુવિધા કચેરી |
| સે-૩/એ અંબાજી મંદિર | સે-૧૭ પ્રા. શાળા | સે-૩૦ ઝૂલેલાલ મંદિર |
| સે-૩/એ ન્યુ સરકારી દવાખાનું | સે-૧૯ સુવિધા કચેરી | જી.ઈ.બી. દવાખાનું |
| સે-૪/સી ગોગા મંદિર | સે-૨૦ સરકારી દવાખાનું | જી.ઈ.બી. ગુરૂકુળ |
| સે-૪/એ શિવ મંદિર | સે-૨૦ પ્રા. શાળા | બોરીજ પ્રા. શાળા |
| સે-૪/બી શનિ મંદિર | સે-૨૧ સરકારી દવાખાનું | બોરીજ રાધે-૨ ફલેટ |
| સે-૪/ડી સરકારી દવાખાનું | સે-૨૧ પ્રા.શાળા | બોરીજ નવાપુરા |
| સે-૫/એ પ્રેરણા સ્કૂલ | સે-૨૧ પંચશીલપાર્ક, શાંતિ પેલેસ, ફલેટ.૬૪૪ | રાજભવન |
| સે-૫ સરકારી દવાખાનું | સે-૨૨ સરકારી દવાખાનું | પાલજ સરકારી દવાખાનું |
| સે-૫/સી મહાકાળી મંદિર | સે-૨૨ પ્રા. શાળા | બાસણ પ્રા. શાળા |
| સે-૬ પ્રા. શાળા | સે-૨૨ રામેશ્વર મહાદેવ (મહિલા સિવણ કલાસ પાસે) | ઈન્દ્રોડા પ્રા. શાળા |
| સે-૬ સરસ્વતી સ્કૂલ | સે-૨૩ સરકારી દવાખાનું | ઈન્દ્રોડા ચામુંડા મંદિર |
| સે-૬/ડી ભુવનેશ્વર મહાદેવ | સે-૨૩ પ્રા. શાળા | ધોળાકુવા પ્રા. શાળા |
| સે-૭ પ્રા. શાળા | સે-૨૩ સ્વામિનારાયણ મંદિર | ધોળાકુવા મારવાડી છાપરા |
| સે-૭ પટેલ વાડી | સે-૨૪ સરકારી દવાખાનું | ઈન્ફોસીટી ટાઉનશીપ |
| સે-૭/સી શિવ મંદિર | સે-૨૪ પ્રા.શાળા | આદિવાળા પ્રા.શાળા |
| સે-૭/બી સંજીવની હોસ્પિટલ | સે-૨૪ ઈન્દિરાનગર છાપરા | ચરેડી છાપરા |
| સે-૮ પ્રા. શાળા | સે-૨૪ કેટેગરી આંગણવાડી (પોસ્ટ કોલોની પાસે) | અક્ષરધામ |
| સે-૮ સરકારી દવાખાનું | સે-૨૪ વિવેકાનંદ સ્કૂલ | એસ.ડી.ડેપો |
| સે-૯ સુવિધા કચેરી | સે-૨૪ માંતગી સ્કૂલ | સે-૨૮ બગીચો |
| સે-૧૨ પોલીસ ચોકી | સે-૨૬ યશ મેડિકલ સ્ટોર્સ | મોબાઈલ, ૧, ૨, ૩, ૪, ૫ |
| સે-૧૨ પ્રા.શાળા | સે-૨૬ જી.આઈ.ડી.સી. કમલભાઈ જૈનનું ઘર | |
| સે-૧૨ પી.પી. યુનિટ (સિવિલ) | સે-૨૬ ભવાની કિરાણા સ્ટોર્સ | |
| સે-૧૩ એરફોર્સ દવાખાનું | સે-૨૬ જીઆઈડીસી, ન્યુ ગ્રીનસીટી, વીડિયોકોન કં.સામે | |
| સે-૧૩ પ્રા.શાળા | સે-૨૭ એસઆરપી દવાખાનું | |
| સે-૧૩ છાપરા | સે-૨૭ પ્રા.શાળા | |

## ગોવર્ધનનાથજીની હવેલી મંદિરે પ.પૂ. કમલેશકુમાર મહારાજનું પ્રેરક પ્રવચન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર વૈષ્ણવ સમાજના





ઉપક્રમે તાજેતરમાં સેક્ટર-૨૧, ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે મુંબઈ-કાંદીવલીના પરમ પૂજ્ય કમલેશકુમાર મહારાજશ્રીનું સર્વોત્તમ સ્ત્રોત્ર પાઠ પર પ્રેરક સત્સંગ પ્રવચન યોજાઈ ગયું. ધર્મબંધુ અને સત્સંગીજનોએ આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજરી આપી મધુર સત્સંગને માણ્યું હતું. તથા સુખી થવાના ૬ લક્ષણો અને ચાર પુરુષાર્થોને જાણ્યા હતા.

શ્રી કમલેશકુમાર મહારાજશ્રીએ પોતાના પ્રેરક પ્રવચનમાં શ્રોતાજનોને સંબોધીને જણાવ્યું કે, જીવનમાં કોઈની સેવામાં ચિત્ત ના લાગે તો સર્વોત્તમ સ્ત્રોત્રનો પાઠ જરૂરથી કરવો. બ્રહ્મ સંબંધ અને કૃષ્ણ સંબંધ આચરતા સત્સંગનું સિંચન થાય છે. સત્સંગના સિંચનથી કૃષ્ણની નજીક જવાય છે અને એ રીતે ભક્તિ આગળ વધે છે. સાચા વૈષ્ણવે શ્રીજી સમક્ષ વિવિધ સેવા વગેરેના મનોરથ, સિદ્ધ કરવાના છે. ધર્મ એટલે સેવા પૂજા, પ્રભુ સ્મરણ, ધાર્મિક યાત્રા, યમુનાજીના પાન, સ્નાન, ભક્તિ, વિવિધ પુષ્ટી ધર્મ તિથિઓની ઉજવણી વગેરે શ્રીજી દર્શન પુષ્ટી માર્ગ સબંધી મહાનુભાવોના પ્રવચન પુષ્ટી ધર્મ પુરુષાર્થ પ્રત્યેક વૈષ્ણવે સિદ્ધ કરવાના છે.

ગુરુદેવનું દર્શન સર્વોત્તમ સ્ત્રોતમાં છે. મહાપ્રભુની નિત્ય લીલામાં તેનું દર્શન થાય છે. ઠાકોરજી પ્રભુ છે અને શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુ છે. સર્વોત્તમ સ્ત્રોત શ્રી ગુસાઈજીની રચના છે તે ગાયત્રી મંત્ર બરાબર છે. જેમ બ્રાહ્મણ માટે ગાયત્રી મંત્ર સર્વોત્તમ છે તેમ પુષ્ટી માર્ગમાં પણ વૈષ્ણવો માટે સર્વોત્તમ સ્ત્રોત શ્રેષ્ઠ છે. તેનાથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. સેવામાં ચિત્ત ના લાગે તો સર્વોત્તમ સ્ત્રોતનો પાઠ કરવો, સુખી થવાના મુખ્ય ૬ લક્ષણો છે. યુવા અવસ્થા, મધુરભાષી પતિ કે પત્ની, આજ્ઞાંકિત પુત્ર કે પુત્રી, વફાદાર મિત્રો, જ્ઞાની હોવું અને સંપતિ હોવી આ ૬ બાબતો માણસને સુખી બનાવે છે. સર્વોત્તમ સ્ત્રોતોમાં ૩૫ શ્લોકો છે. જેના ત્રણ વિભાગ છે. એક તો ૬ મંગલાચરણ, બીજામાં ૨૬ શ્રી મહાપ્રભુજીના ૧૦૮ નામ અને ત્રીજા વિભાગમાં ટૂંક સાર છે. પુષ્ટી સંપ્રદાયમાં નાનામાં નાનો ગ્રંથ ચર્તુશ્લોકી ગ્રંથ છે. વૈષ્ણવ જનના જીવનમાં મુખ્ય ચાર પુરુષાર્થ જણાવાયા છે. પુષ્ટી માર્ગમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થ દર્શાવ્યા છે. સેવાનું સુખ ઠાકોરજીને મળે જેનાથી વૈષ્ણવને સુખનો અનુભવ થાય છે અને લીલામાં પ્રવેશ થાય છે. લીલામાં પ્રવેશ માટે વૈષ્ણવે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ કરવા પડે..!!!

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૨

### તાપમાન

મહત્તમ : ૨૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૩૬ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૨ :
ઈન્કાર : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
મુંબઈ મિરર : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ઈન્કાર : ૧૦.૦૦
મુંબઈ મિરર : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૫.૩૦
દબંગ-૨ : ૭.૩૦

: સ્ક્રીન-૫ :
ઈન્કાર : ૫.૦૦ , ૧૦.૦૦
મુંબઈ મિરર : ૨.૩૦, ૭.૩૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
બંદૂક : ૯.૧૫, ૨.૪૫, ૧૦.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૫.૧૫
દબંગ -૨ : ૧૨.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
મુંબઈ મિરર :૯.૪૫, ૧૨.૧૫, ૧૦.૧૫
ટેબલ નં.૨૧ :૩.૪૫, ૮.૧૫

**સૂર્યા, વાવોલ**

મુંબઈ મિરર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
મુંબઈ મિરર : ૧૦.૩૦, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઈન્કાર : ૪.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧.૦૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
મુંબઈ મિરર : ૧૦,૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ચિરાગ, કલોલ**

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળ દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

**સામાજિક**

- જાયન્ટ્સ ગૃપ ઑફ ગાંધીનગર ગ્રેટર અને યુવા બ્રહ્મસમાજ ગાંધીનગરના ઉપક્રમે સવારે ૯.૦૦ કલાકે, રકતદાન, ચક્ષુદાન કેમ્પનું આયોજન સેકટર-૧૬માં આવેલ બ્રહ્મ ભવન ખાતે યોજાશે.

### આપની આજ

**મેષ** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

**વૃષભ** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત ઉભા થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા. કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું . ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રાનો યોગ.

**ધન** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે. શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે.

**કુંભ** : સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.તમારી વ્યવહાર કુશળતાથી વેપાર-વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મીન** : નવા સંબંધ બની શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય.કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન શિવસિંહ રાઠોડ (ઉ.વ. ૨૧)મુ.પો. બોભા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા
- સ્વ. સુધાબેન બલરાજસિંઘ ગેહલોત (ઉ.વ.૭૧) પ્લોટ નં. ૧૫૫/૨, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. પાર્વતીબેન લક્ષ્મણભાઈ જાદવ(ઉ.વ. ૮૦) ૪૯-બી, મૂલચંદ પાર્ક, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.